| | |
|---|---|
| રજુ તારીખ | ૧૭/૧૦/૨૦૨૩ |
| દાખલ તારીખ | ૧૭/૧૦/૨૦૨૩ |
| ફેંસલ તારીખ | ૦૯/૦૩/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ : માસ: દિન: |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ (જુ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં.૨૫૬૧/૨૦૨૩**

**આંક–**

**ફરિયાદી :– સરકારી શ્રમ અધિકારી,**
**સમાન વેતન અધિનિયમ હેઠળના**
**લેબર એન્ફોર્સમેન્ટ ઓફિસર (સેન્ટ્રલ)**

**: વિરૂઘ્ધ :**

**આરોપી:– (૧) ડી.આર.એન્ટરપ્રાઈઝ**
**(૨) ઘર્મેન્દ્રભાઈ ચૌધરી (ભાગીદારશ્રી)**
કેર ઓફ–ડી.આર.એન્ટરપ્રાઈઝ
હે. બી–૩૨૧, ત્રીજો માળ, સિઘ્ધરાજ જોરી,
સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર.

**ગુન્હો:– સમાન વેતન અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૧૦ મુજબ ફરીયાદ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** ફરીયાદની ટુંકી હકીકત છે કે, આરોપીની સંસ્થામાં તપાસ દરમ્યાન નમુના મુજબના પત્રકો ન રાખી, નિયમનો ભંગ કરી, **સમાન વેતન અધિનિયમ–એકટ ૧૯૭૬ ની કલમ–૧૦** હેઠળ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ. જે બદલની ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદી રજૂ થતા, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) મુજબ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને, આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

**(૨)** આરોપીને બજવણી થતા, આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ. તેઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. આરોપીને ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ ? તેવું પૂછતા, આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવી, ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત કરતાં, તેઓને સમજાવવામાં આવેલ છે કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂઘ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીએ ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને તેમની પ્લી નોંઘતા તેમાં પણ ગુનો કબુલ કરેલ છે.

**(૩)** આરોપીએ જણાવેલ છે કે, ગુનો કોઈપણ દબાણ વગર કબુલ કરેલ છે. અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ

છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) તેઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરેલ છે. આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાને રાખેલ છે. આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯** ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## -: હુકમ ::-

(૧) આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ આરોપીને **સમાન વેતન અધિનિયમ અન્વયેના નિયમ-૬ બદલ સમાન વેતન અધિનિયમ-એકટ ૧૯૭૬ ની કલમ-૧૦** મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને **રૂા. ૧૦,૦૦૦**/- (અંકે રૂપિયા દશ હજાર પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯/૦૩/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(એન.આર.વધવાણી)**
**ન્યાયાધીશ (જુ.ડી.)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**
CODE : GJ01368